# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

**************************************************

1) ચૂંટણી પંચના આદેશ અનુસાર પશ્ચિમ બંગાળમાં 15 મતદાન મથકો પર આજે સવારે સાત વાગ્યાથી ફરીથી મતદાનનો આરંભ.

2) વૈશ્વિક ઉર્જા સંકટ દરમિયાન ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવાના પ્રયાસોના ભાગ રૂપે ભારતે ક્રૂડ ઓઇલ પરની નિર્ભરતા 27 દેશથી વધારીને 41 દેશ કરી.

3) ભારત અને સયુક્ત આરબ અમીરાત વચ્ચે દ્વીપક્ષીય વેપાર સબંધો 100 અબજ ડોલરથી વધુ થયો.

4) પરમાણુ ઉર્જા નિયામક બોર્ડએ કુડનકુલમ પરમાણુ ઉર્જા પ્રોજેક્ટ યુનિટ 5 અને 6 પર મુખ્ય ઉપકરણોની સ્થાપના માટે પરવાનગી આપી.

5) IPL ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સે ગઈકાલે રાજસ્થાન રોયલ્સને સાત વિકેટથી હરાવ્યું

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# EC-REPOLL

ચૂંટણી પંચના આદેશ અનુસાર પશ્ચિમ બંગાળમાં 15 મતદાન મથકો પર આજે ફરીથી મતદાન થઈ રહ્યું છે. મગરહાટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમાં 11 અને ડાયમંડ હાર્બર વિધાનસભા મતવિસ્તારમાં ચાર મતદાન મથકોમાં આજે સવારે સાત વાગ્યાથી ફરી મતદાનનો આરંભ થયો છે જે સાંજના છ વાગ્યા સુધી ચાલશે.

પંચે જણાવ્યું હતું કે સંબંધિત મતદાન અધિકારીઓ અને નિરીક્ષકો પાસેથી મળેલી માહિતીના આધારે ફરી મતદાનનો આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા દરમિયાન બુધવારે આ મતદાન મથકો પર મતદાન થયું હતું.

પ્રાપ્ત માહિતીના આધારે, પંચે આ મતદાન મથકો પર મતદાનને અમાન્ય જાહેર કર્યું છે. પંચે આ સંદર્ભમાં પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર લખ્યો છે.

# INDIA-CRUDE-SOURCING

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે વૈશ્વિક ઉર્જા સંકટ દરમિયાન ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવાના પ્રયાસોના ભાગ રૂપે ભારતે ક્રૂડ ઓઇલ પરની નિર્ભરતા 27 દેશથી વધારીને 41 દેશ કરી છે.

દક્ષિણ ગુજરાતમાં વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં બોલતા, તેમણે કહ્યું કે કટોકટીના સંચાલનમાં લાંબા ગાળાના આયોજને મુખ્ય ભૂમિકા ભજવી હતી. સ્થાનિક ઉત્પાદન વધારવા અંગે, પુરીએ કહ્યું કે, એલપીજી ઉત્પાદનને મહત્તમ

બનાવવા માટે રિફાઇનરીઓને આદેશો જાહેર કરવામાં આવ્યા હતા અને સ્થાનિક ઉત્પાદન 60 ટકા વધીને 36 હજાર મેટ્રિક ટન પ્રતિ દિવસથી 54 હજાર મેટ્રિક ટન પ્રતિ દિવસ થયું છે.

## GOVT-WEST ASIA

સરકારે કહ્યું કે, પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ વચ્ચે, ઉર્જા પુરવઠો, દરિયાઈ કામગીરી અને ભારતીય નાગરિકોને સહાય સહાય પૂરી પાડવા માટે તૈયારીઓ સુનિશ્ચિત કરી રહી છે અને તમામ જરૂરી પગલાં લઈ રહી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, LPGની સંગ્રહખોરી અને કાળાબજારને રોકવા માટે દેશભરમાં કાર્યવાહી ચાલી રહી છે.

### BYTE – MANOJ

સરકારે પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ અંગે વધુમાં જણાવ્યું કે, ત્યાં રહેતા તમામ ભારતીય નાગરિકો સુરક્ષિત છે અને છેલ્લા 24 કલાકમાં કોઈપણ ભારતીય ધ્વજવાળા જહાજ સાથે કોઈ ઘટના બની નથી. ભારતીય નાગરિકોના પ્રશ્નોના જવાબ આપવા માટે વિદેશ મંત્રાલયમાં સમર્પિત વિશેષ કંટ્રોલ રૂમ પણ કાર્યરત છે.

સરકારે ખાતરી આપી કે ફ્લાઇટની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે અને પ્રદેશના વિવિધ સ્થળોએથી ભારત માટે વધારાની ફ્લાઇટ્સ ચલાવવામાં આવી

રહી છે. વધુ તેહરાનમાં ભારતીય દૂતાવાસે ઈરાનથી 2 હજાર 490 ભારતીય નાગરિકોને ઈરાનથી બહાર લઈ જવા મદદ કરી છે.

## GOYAL-INDIA UAE CEPA

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે ચાર વર્ષ પહેલા અમલમાં આવેલા ભારત-સંયુક્ત આરબ અમીરાત UAE વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) એ ભારતીય ખેડૂતો, સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો અને અન્ય વ્યવસાયો માટે પરિવર્તનશીલ તકો ઉભી કરી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગોયલે જણાવ્યું કે, ભારત અને UAE વચ્ચે દ્વિપક્ષીય વેપાર સંબંધો મજબૂત રીતે વધી રહ્યા છે, જે 100 અરબ ડોલરને પાર કરી ગયા છે. સેવા ક્ષેત્ર પણ સતત વિકાસ કરી રહ્યું છે, નવા બજારો ખોલી રહ્યા છે અને મૂલ્યમાં વધારો કરી રહ્યો છે.

શ્રી ગોયલે એ પણ નોંધ્યું કે, રત્નો અને ઝવેરાત, એન્જિનિયરિંગ માલ, ઇલેક્ટ્રોનિક્સ અને કૃષિ જેવા મુખ્ય ક્ષેત્રોમાં વિસ્તરણથી મૂર્ત લાભ મળી રહ્યો છે. તેમણે ભાર મૂક્યો કે UAEમાંથી સીધા વિદેશી રોકાણ અને ભારતમાંથી વિદેશી રોકાણ બંને દેશો વચ્ચે વધતા આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવે છે.

## RBI-2000 BANK NOTES

ભારતીય રિઝર્વ બેંક-RBIએ જણાવ્યું કે, નોટબંધીની જાહેરાતના ત્રણ વર્ષ પછી ચલણમાં રહેલી 2 હજાર રૂપિયાની નોટોમાંથી 98.47 ટકા નોટ બેંકોમાં પરત

આવી ગઈ છે. કેન્દ્રીય બેંકે 19 મે, 2023ના રોજ તેની ચલણ વ્યવસ્થાપન કવાયતના ભાગ રૂપે 2 હજાર રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. તે સમયે, ચલણમાં રહેલી આવી નોટોનું કુલ મૂલ્ય 3.56 લાખ કરોડ રૂપિયા હતું.

30 એપ્રિલ, 2026 સુધીમાં આ આંકડો ઝડપથી ઘટીને 5 હજાર 451 કરોડ રૂપિયા થઈ ગયો છે. નોટબંધીની જાહેરાત પછી 19 RBI ઓફિસોમાં 2 હજાર રૂપિયાની નોટો માટે વિનિમય સુવિધા ઉપલબ્ધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NUCLEAR-KUDANKULAM

પરમાણુ ઉર્જા નિયામક બોર્ડ (AERB)એ કુડનકુલમ પરમાણુ ઉર્જા પ્રોજેક્ટ (KKNPP) યુનિટ 5 અને 6 પર મુખ્ય ઉપકરણોની સ્થાપના માટે પરવાનગી આપી

છે. જેમાં પરમાણુ ઉર્જા નિગમ લિમિટેડને રિએક્ટર પ્રેશર વેસલ્સ, સ્ટીમ જનરેટર સહિત મુખ્ય પ્લાન્ટ ઉપકરણો સ્થાપિત કરવાની મંજૂરી આપવામાં આવી છે. AERBની સલામતી આવશ્યકતાઓ અનુસાર યુનિટની ડિઝાઇનને સંતોષતી બહુ-તબક્કાની સલામતી સમીક્ષા પછી આ પરવાનગી આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, તમિલનાડુના તિરુનેલવેલી જિલ્લામાં સ્થિત કુડનકુલમ પ્રોજેક્ટ સાઇટમાં VVER ડિઝાઇન પ્રેશરાઇઝ્ડ વોટર રિએક્ટરના છ એકમો છે, જે રશિયાના ટેકનિકલ સહયોગથી સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

## PANCHAYATI RAJ-WORKSHOP

પંચાયતી રાજ મંત્રાલય આજે હૈદરાબાદમાં "આત્મનિર્ભર પંચાયત પહેલ" પર એક આઉટરીચ કાર્યશાળાનું આયોજન કરશે. આ કાર્યશાળામાં આત્મનિર્ભર પંચાયતના ઉદ્દેશ્યો અને કાર્યપદ્ધતિનો પરિચય કરાવવામાં આવશે. આ કાર્યક્રમ રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન હેઠળ પંચાયતી રાજ મંત્રાલયની એક મુખ્ય પહેલ છે.

પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિવેક ભારદ્વાજ સંબોધન કરશે. ત્યારબાદ રાષ્ટ્રીય નીતિ ઉદ્દેશ્યો, ટેકનોલોજી રોડમેપ અને અપેક્ષિત પરિણામો પર વિગતવાર પ્રસ્તુતિ આપવામાં આવશે. આત્માનિર્ભર પંચાયત પોર્ટલનું વ્યાપક પ્રદર્શન સહભાગીઓને અરજી પ્રક્રિયા અને ડિજિટલ ડેશબોર્ડ અંગેની માહિતી આપશે.

# IPL-CRICKET

IPL ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સે ગઈકાલે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રમાયેલ મેચમાં રાજસ્થાન રોયલ્સને સાત વિકેટથી હરાવ્યું. આ જીત સાથે દિલ્હી કેપિટલ્સે સિઝનનો ચોથો વિજય મેળવ્યો છે અને પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે, જ્યારે રાજસ્થાન રોયલ્સ 10 મેચમાંથી છ જીત સાથે ચોથા સ્થાને છે.

226 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, દિલ્હી કેપિટલ્સે 19.1 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને 226 રન કર્યા હતાં. દિલ્હી કેપિટલ્સ માટે KL રાહુલે 40 બોલમાં 75 રન, જ્યારે પથુમ નિસાન્કાએ 33 બોલમાં 62 રન બનાવ્યા.

આજે ચેન્નાઈ સુપર કિંગ્સ ચેન્નાઈના MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે મુંબઈ ઇન્ડિયન્સ સામે ટકરાશે. મેચ સાંજે 07.30 વાગ્યે શરૂ થશે.

# BADMINTON THOMAS CUP

બેડમિન્ટનમાં ભારતીય પુરુષ ટીમ આજે ડેનમાર્કના હોર્સન્સમાં રમાઈ રહેલા થોમસ કપ 2026 ની સેમિફાઇનલમાં ફ્રાન્સ સામે ટકરાશે. ભારતે ક્વાર્ટર ફાઇનલમાં ચાઇનીઝ તાઇપેઈને 3-0 થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.

લક્ષ્ય સેને પ્રથમ મેચમાં ચૌ ટિએન ચેનને હરાવીને ભારતની વિજયી શરૂઆત કરી હતી. ત્યારબાદ, સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ ચિઉ હસિઆંગ ચીહ અને વાંગ ચી-લિનને હરાવ્યા. અંતે, આયુષ શેટ્ટીએ લિન ચુન-યીને હરાવીને ટીમનો વિજય સુનિશ્ચિત કર્યો.

દરમિયાન પીવી સિંધુની આગેવાની હેઠળની ભારતીય મહિલા ટીમ ઉબર કપ 2026 માં ગ્રુપ સ્ટેજથી આગળ વધવામાં નિષ્ફળ રહી. ચીન સામે હારીને ટીમ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ.

# WORLD ATHLETICS RELAYS 2026

બોત્સ્વાનાના ગેબોરોનમાં આજથી શરૂ થઈ રહેલી વર્લ્ડ એથ્લેટિક્સ રિલે 2026માં 21 સભ્યોની ભારતીય ટુકડી પાંચ ઇવેન્ટમાં ભાગ લેશે. ગેબોરોનમાં કુલ છ રિલે ઇવેન્ટ્સ - પુરુષો, મહિલાઓ અને મિશ્ર 4x400 મીટર અને 4x100 મીટર સ્પર્ધા યોજાશે, જે આફ્રિકામાં પ્રથમ વખત યોજાનાર વર્લ્ડ એથ્લેટિક્સ રિલે છે.

ભારત છ રેસમાંથી પાંચમાં ટીમો મેદાનમાં ઉતારશે, જેમાં મહિલાઓની 4x400 મીટર એકમાત્ર અપવાદ છે. બે મિશ્ર રિલેમાંથી ટોચની છ ટીમો આ વર્ષના અંતમાં બુડાપેસ્ટમાં યોજાનારી પ્રથમ વર્લ્ડ એથ્લેટિક્સ અલ્ટીમેટ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય થશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હેમાંગીની સોનારા

- આજના વિવિધ અખબારોમાં કોમર્શિયલ સિલિન્ડરમાં ભાવમાં 993 રૂપિયાનો વધારો મુખ્ય હેડલાઇનમાં વાંચવા મળી રહ્યા છે.
- નવગુજરાત સમયે એપ્રિલમાં જીએસટી કલેક્શન 8.7% વધીને 2.43 લાખ કરોડ રૂપિયાની વિક્રમી સપાટીએ હોવાનું આ ઉપરાંત ઇરાને પાકિસ્તાન મારફતે નવી દરખાસ્ત મોકલી જે ટ્રમ્પએ ફગાવી તે પોતાના પહેલા પાનાં પર વાંચવા મળી રહ્યું છે.
- પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં 15 બુથ પર આજે ફરીથી મતદાન હોવાનું પણ વિવિધ અખબારોમાં પહેલા પેજ જોવા મળી રહ્યું છે.

---------------------------------------------